# <u>પ્રેસનોટ</u>

**વીમા પોલીસી બંધ થઇ ગયેલ છે તેમ જણાવી શેરબજારમાં નાણાં રોકવાથી વધુ વળતર આપવાના બહાને કોલ સેન્ટરમાંથી કોલ કરી ફ્રોડ કરતી ગેંગના આરોપીઓને દિલ્હી ખાતેથી પકડી પાડતી સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર.**

---

**<u>ગુન્હાની હકિકત:-</u>**

આ કામે હકિકત એવી છે કે ગઇ તા. ૧૩/૦૫/૧૯ ના રોજ ફરીયાદીશ્રી ગૌતમભાઇ રસીકલાલ ચુડગર નાઓને મોબાઇલ નંબર ૭૮૩૮૨૬૩૫૨૩, ૯૯૫૮૭૦૫૮૧૫ પરથી રાહુલ શ્રીવાસ્તવ અને અનિકેત ભારદ્વાજના ખોટા નામથી ફોન કરીને એગોન રેલીગેરની આઠ પોલીસીઓની વિગતો એનકેન પ્રકારે મેળવી લઇ જે પોલીસીઓની પ્રીમીયમની રકમ ૫,૩૭,૦૦૦/- થાય છે ખરેખર તે રકમ ૮,૭૬,૦૦૦/- તમને મળવાપાત્ર થાય છે તેમ જણાવી એગોન રેલીગેરનું પોલીસીનું શેર માર્કેટ ડાઉન ચાલે છે અને વેલ્યુ ૪,૦૦,૦૦૦/- સુધી ઘટી જાય છે તેમ જણાવી પોલીસીઓ બંધ કરવાનું જણાવી પુરેપુરી રકમ ૮,૭૬,૦૦૦/- ઘરે ચેકથી મોકલી આપવા જણાવેલ. બાદ બાદ અમારી પાસે શેર બજારના ઇશ્યુનુ કામ ચાલુ છે મારી પાસે સહજ ફીનકોર્પ કંપનીનો ઇશ્યુ ઓક્ટોબર મહીનામાં આવવાનો છે જે શેર રૂ. ૭/- રુપીયા છે જે ૬૦ થી ૭૦ ના ભાવે ખુલશે ત્યારે વેચી નાંખવાનો જેથી વધુ લાભ થશે તેમ જણાવી  શેર માર્કેટમાં પૈસા ઇન્વેસ્ટ કરી મોટુ વળતર મેળવવાની લોભામણી લાલચ આપી ફરીયાદી પાસેથી ઓરીયેન્ટલ બેંક ઓફ કોમર્સના બેંક એકાઉન્ટ નંબર 12001132001200 તથા યશ બેંકના એકાઉન્ટ નંબર 034050700002671 માંથી ટુકડે ટુકડે રૂપિયા ૪,૨૫,૦૦૦/- ભરાવડાવી છેતરપીંડી વિશ્વાસઘાત કરેલ.

જે અનુસંધાને ખાસ પોલીસ કમિશનરશ્રી અજયકુમાર તોમર સાહેબ ક્રાઇમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ડૉ.રાજદિપસિંહ ઝાલા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી જે.એમ.યાદવ, સાયબર ક્રાઇમનાઓએ આ બાબતે તાત્કાલીક ગુનો દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરી આરોપીઓને શોધી કાઢવા જરુરી સુચના કરતા અહેકો ચંદ્રસિંહ સબળસિંહ નાઓએ ગુનો સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૫૬/૨૦૧૯ ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦, મુજબનો ગુનો દાખલ કરી વધુ તપાસ અર્થે પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એચ.એન.વાઘેલા નાઓએ આગળની તપાસ સંભાળેલ. બાદ આ કામે આરોપીઓના મોબાઇલ નંબરો તેમજ ટેક્નિકલ એનાલીસીસ આધારે તપાસ ટીમના પો.ઇ.શ્રી એસ.આર.મુછાળ, પો.સ.ઇ શ્રી પી.સી.સીંગરખીયા, પો.સ.ઇ શ્રી એચ.એન.વાઘેલા તથા અન્ય પોલીસ સ્ટાફ સાથે દિલ્હી ખાતે રવાના થઇ ગુનાહિત પ્રવૃતિવાળી જગ્યા ૧૮/૧૪ ત્રીજો માળ, W.E.A Right Side કારોલબાગ દિલ્હી કરોલબાગ પોલીસ સ્ટેશન વિસ્તાર ખાતે રેઇડ કરી નીચે જણાવેલ આરોપીઓ પકડી પાડેલ છે.

## આરોપીઓની વિગત:-

(૧) સંજુ મંગલસિહ ચૌહાણ ઉવ. ૨૯ રહે. કટરા, દિલ્હી –(મુખ્ય આરોપી)

(૨) જોની સ/ઓ સુભાષચંદ્ર ઉવ. ૨૮ રહે. ૫૬૯/બી બાવા ફરીદપુરી વેસ્ટ પટેલનગર નવી દિલ્હી

(૩) પ્રભજ્યોતસિંગ સતેન્દ્રપાલસિંગ જુનેજા ઉવ. ૨૦ રહે. મ.ન. ૨૪૮૨/૧, રોશનનારા પાર્ક પંજાબી બસ્તી દિલ્હી (કોલર)

(૪) ગુલશનકુમાર ગૌરીશંકર મીશ્રા ઉવ. ૨૧ રહે. એફ/૧૯ જે.જે.કોલોની વજીરપુર, અશોક વિહાર દિલ્હી (કોલર)

(૫) હેમંતકુમાર સુમેરસિંગ ઉવ. ૨૨ રહે. એફ/૧૨૦ જે.જે. કોલોની વજીરપુર, અશોકવિહાર, દિલ્હી. (કોલર) ખાતેથી તા.૨૬/૧૧/૨૦૧૯ ના રોજ અટક કરેલ છે.

## ગુનાની મોડસ ઓપરન્ડી:-

આરોપીઓ ડેટા આધારે નાગરીકોને કોલ કરી વીમા પોલીસીની રકમ પુરા વળતર સાથે આપવાની વાત કરતા. બાદ આરોપીઓ ગ્રાહકોને જણાવતા હતા કે સહજ ફીનકોર્પનો ઇશ્યુ શેર માર્કેટમાં ૬ થી ૭ રુપીયાથી બહાર પડવાનો છે અને ત્રણ મહીના પછી ઓક્ટોબર મહીનામાં શેરનો ભાવ ૬૦ થી ૭૦ રુપીયા થશે તેમ કહી શેરબજારમાં રોકાણ કરવાની લાલચ આપી આરોપીઓ પ્રાઇવેટ બેંક એકાઉન્ટમાં પૈસા ભરાવતા હતા.

## સ્ક્રીપ્ટ :

હેલ્લો ગુડમોર્નીંગ સર/મેમ મેં રાહુલ શ્રીવાસ્તવ બાત કર રહા હું ઇન્શ્યોરન્સ કંમ્પલેન્ટ એન્ડ વેરીફીકેશન ડીપાર્ટમેન્ટ સે અગર આપ બીઝી નહી હો તો આપસે બાત હો સકતી હૈ સર. માર્કેટમેં જીતનીભી ૨૮ લાઇફ ઇન્શ્યોરન્સ કંપની હૈ ઉનકી (રેંન્કીંગ) લી જા રહી હૈ કસ્ટમર કે દ્રારા કી કિતની એસી કંપની હૈ જો પોલીસી કરવાને કે બાદ ઠીક તરહ સે સર્વીસ દે રહી હૈ. કિતની કંપની નહી દે રહી હૈ ક્યુંકી હમારે પાસ કુછ કંપની કી કંમ્પલેન્ટ આઇ હૈ કી મનકે કુછ એજંન્ટ ઓર એડવાઇઝર હૈ જો મીસગાઇડ કરકે કસ્ટમર કો પોલીસી સેલ તો નહી કી જીસકે કારન ઇન ફ્યુચર કસ્ટમર કો કાફી પ્રોબલેમ ફેસ કરની પડતી હૈ સર, હમારે પાસ કુછ કંપની કી કંમ્પલેઇન આઇ હૈ કી કુછ એજંન્ટ ઓર એડવાઇઝર હૈ જો અપને કમીશન કે લીય ગલત તરહ સે પોલીસી સેલ કર રહે હૈ, ઇસીકે રીગાર્ડીંગ યે સર્વે કીયા જા રહા હૈ કી આપકો કીસી એજંન્ટ યા એડવાઇઝર ને જુઠ બોલકે યા ગલત તરીકે સે કોઇ પોલીસી તો સેલ નહી કી.

## **કોલ સેન્ટરના માલીકની ભુમીકા : -**

સંજુ ચૌહાણ કોલ સેન્ટરનો માલીક છે મુખ્ય આરોપીએ જસ્ટ ડાયલ પરથી બીપીન રહે. દીલ્હી નામની વ્યક્તિનો સંપર્ક કરેલ અને તેની પાસેથી પેનડ્રાઇવ/ઇ-મેલ મારફતે ડેટા મંગાવતો હતો. આ ડેટા ગુજરાત, રાજસ્થાન, હરીયાણા, મહારાષ્ટ્ર, યુ.પી. રાજ્યના લોકો છે. ગુજરાતના આશરે ૫૦૦૦ વ્યક્તિનો ડેટા મળી આવેલ છે.

## **કોલરની ભુમીકા : -**

કોલરોને દરરોજ ૨૫૦ થી ૩૦૦ વ્યક્તિઓનો ડેટા આપવામાં આવતો હતો અને કોલર પોતે ઇન્શ્યોરન્સ કંમ્પલેન્ટ ડીપાર્ટમેન્ટમાંથી વાત કરે છે તમારે કોઇ ઇન્શ્યોરન્સ પોલીસી છે કે કેમ? અને પોલીસી અંગે કોઇ સમસ્યા છે કે કેમ? તેવી વાત કરી લોકો પાસેથી પોલીસીની માહીતી મેળવતા હતા. લોકો પોતાને સર્વિસ બરાબર મળતી નથી, એજન્ટ કોન્ટેક કરતા નથી, સ્ટેટમેન્ટ નિયમિત મળતુ નથી, ફંડ વેલ્યુની માહીતી નથી તેવી વાત કહી આરોપીઓને ડીટેલ્સ આપતા હતા. નાગરીકોને પૈસા ભરવા તૈયાર કરી મુખ્ય આરોપી સંજુ ચૌહાણ સાથે વાત કરાવતા હતા.

## **આરોપીઓ પાસેથી મળી આવેલ મુદ્દામાલ:-**

મોબાઇલ ફોન નંગ-૧૩ તથા લેપટોપ- ૦૧ તથા વાયરલેસ ફોન નંગ-૦૫ તથા ક્રેડીટકાર્ડ-૦૪ તથા ડેબીટકાર્ડ-૦૩ તથા પરચુરણ કાગળો તેમજ કોલીંગના સમયે ઉપયોગમાં લીધેલ દસ્તાવેજ